GUJARATI | 044A

નવા કેનેડિયન

# નાગરિકો માટે મતદાન માહિતી



Elections Manitoba




## કોણ મત આપી શકે?

તમે મત આપી શકો છો, જો તમે:

- એક કેનેડિયન નાગરિક હોવ
- ચૂંટણીના દિવસે ઓછામાં ઓછી 18 વર્ષની વયના હોવ; અને
- મનિટોબામાં ચૂંટણી દિવસના તરત જ પહેલા ઓછામાં ઓછા છ મહિના માટે રહ્યાં હોવ

## હું ક્યારે મત આપી શકું?

તમારી પાસે એક વિકલ્પ છે:

**અગાઉથી મત આપો:**

- અગાઉથી મત આપવો તે 8 દિવસ સુધી ચાલુ રહે છે.
- તમારા નજીકના અગાઉથી મત આપવાના સ્થળને શોધવા માટે વેબસાઇટની મુલાકાત લો.
- તમે મનિટોબામાં કોઈપણ અગાઉથી મત આપવાના સ્થળે મત આપી શકો છો.

**ચૂંટણીના દિવસે મત આપો:**

- તમારું મતદાતા માહિતી કાર્ડ તપાસો અથવા ક્યાં મત આપવું તે જાણવા માટે વેબસાઇટની મુલાકાત લો.

# મત આપવા માટેની અન્ય રીતો:

**ઘરેથી મત આપો:**

- જો તમે કોઈ વિકલાંગતાને કારણે મતદાન સ્થળે જવા માટે અસમર્થ છો, તો તમે હોમબાઉન્ડ (ઘરની બહાર જવા અસમર્થ) મતદાન માટે અરજી કરી શકો છો. તમારા સંભાળકર્તા પણ અરજી કરી શકે છે.
- ઇલેક્શન્સ મનિટોબામાંથી અરજીઓ ઉપલબ્ધ છે

**મનિટોબાની બહારથી મત આપો:**

- જો તમે અગાઉથી મત આપવા દરમિયાન અને ચૂંટણીના દિવસે દૂર હશો, તો તમે અનુપસ્થિતિ મતદાન માટે અરજી કરી શકો છો.
- ચૂંટણીના દિવસ પહેલા શનિવારે રાત્રે 8:00 વાગ્યા સુધી તમારે અરજી કરવી આવશ્યક છે, પરંતુ વહેલા અરજી કરવાની કોશિશ કરો જેથી તમને સમયસર તમારી મતપત્ર કીટ મળી જશે.

**હોસ્પિટલમાં અથવા અન્ય સંભાળ સુવિધામાં મત આપો:**

ચૂંટણીના દિવસે હોસ્પિટલો અને અન્ય સંભાળ સુવિધાઓમાં મતદાન ગોઠવવામાં આવશે.

# હું મત આપવા માટે કેવી રીતે નોંધણી કરાવી શકું?

- electionsmanitoba.ca પર ઓનલાઇન મતદાતા નોંધણી સેવાની મુલાકાત લો, અથવા
- 204-945-3225 પર, ટોલ-ફ્રી 1-866-628-6837 પર કૉલ કરો

**જો તમે નોંધાયેલા છો, તો તમે મત આપી શકો છો.**

- જયારે ચૂંટણી યોજાશે ત્યારે તમને ટપાલ મારફતે મતદાતા માહિતી કાર્ડ પ્રાપ્ત થશે.
- મતદાતા માહિતી કાર્ડ તમને જણાવે છે કે તમે ક્યાં અને ક્યારે મત આપી શકો છો.
- મત આપવા માટે તમારું મતદાતા માહિતી કાર્ડ તમારી સાથે લાવો.

જો તમે નોંધાયેલ નથી અથવા તમે સ્થાન પરિવર્તન કર્યું છે, તો હજી પણ તમે મત આપી શકો છો.

# મત આપવા માટે ID

**દરેક વ્યક્તિએ મત આપવા માટે ID બતાવવું આવશ્યક છે, નીચેના બેમાંથી કોઈપણ એક બતાવી શકાય:**

- સરકાર દ્વારા જારી કરાયેલ ફોટો ID નો એક દાખલો, જેમ કે ડ્રાઇવરનું લાઇસન્સ, અથવા:
- ID ના બીજા બે દાખલા, જેમ કે આરોગ્ય કાર્ડ, યુટિલિટી બિલ, બેંક અથવા ડેબિટ કાર્ડ.

તમારા મતદાતા માહિતી કાર્ડનો ઉપયોગ ID ના એક દાખલા તરીકે કરી શકાય છે. ID ના અન્ય ઘણા પ્રકાર સ્વીકાર્ય છે. એક સંપૂર્ણ સૂચિ જોવા માટે, electionsmanitoba.ca ની મુલાકાત લો.

# ખરાપણાની ખાતરી આપવી

- જો તમે મત આપવા માટે નોંધાયેલા છો, પરંતુ તમારી પાસે ID નથી, તો ID સાથે તમારા મતાધિકારને લગતા વિભાગના બીજા મતદાતા વ્યક્તિગત રુપે તમારી બાંહેધરી આપી શકે છે. અગાઉથી મત આપવા માટે નહીં, ફક્ત ચૂંટણીના દિવસે જ ખરાપણાની ખાતરી આપવાની મંજૂરી છે.

# શા માટે મત આપવો?

- મત આપવો એ બધા પાત્ર મતદાતાઓનો લોકશાહી અધિકાર છે.
- મત આપવો એ લોકશાહીમાં સક્રિયપણે ભાગ લેવાની એક રીત છે.
- મત આપવો એ તમારા સમુદાયને વિકસાવવામાં સહાય કરવાની એક તક છે.

# મનિટોબામાં મત આપવો:

- એ નિઃશુલ્ક, ન્યાયપૂર્ણ, સલામત અને સુલભ છે
- એ અધિકારો અને સ્વતંત્રતાઓના કેનેડિયન ચાર્ટર હેઠળ રક્ષિત છે
- એ તમારો નિર્ણય છે
- એ ગુપ્ત બાબત છે

# સરકારના સ્તરો:

- સરકારના ત્રણ સ્તરોનો મતલબ એ છે કે ત્રણ જુદા જુદા પ્રકારની ચૂંટણીઓ હોય છે: સંઘીય, પ્રાંતીય અને નગરપાલિકા
- સરકારના દરેક સ્તરની જુદી જુદી જવાબદારીઓ હોય છે. અહીં કેટલાક ઉદાહરણો છે:

| સંઘીય | પ્રાંતીય | નગરપાલિકા |
|---|---|---|
| • સંરક્ષણ<br>• આવકવેરો<br>• વિમાનમથકો<br>• નાગરિકતા અને દેશાગમન<br>• પાસપોર્ટ<br>• ટપાલ સેવા | • આરોગ્ય સંભાળ<br>• શિક્ષણ<br>• પરિવહન અને હાઇવે<br>• ડ્રાઇવરના લાઇસન્સ<br>• સામાજિક સહાય | • કચરો સંગ્રહ<br>• પાણી અને ગટર<br>• ફાયર અને પોલીસ સેવાઓ<br>• ઉધાનો<br>• પુસ્તકાલયો |

# હું કોને મત આપી શકું?

- મનિટોબા 57 વિસ્તારો અથવા રાઈડિંગ્સમાં (ચૂંટણીલક્ષી જીલ્લો) વિભાજિત છે. તમે તમારા રાઈડિંગમાં તમારા દ્વારા પસંદ કરેલા ઉમેદવારને મત આપો.
- તમારા રાઈડિંગમાં સૌથી વધુ મતો ધરાવનાર ઉમેદવાર તમારા વિધાનસભાના સભ્ય બને છે.
- તમે ક્યા રાઈડિંગમાં રહો છો અને ઉમેદવારો કોણ છે તે જાણવા માટે, electionsmanitoba.ca ની મુલાકાત લો.
- તમે જે ઉમેદવારોને મત આપી શકો તેના નામો મતપત્ર પર સૂચિબદ્ધ થશે.

# શું હું ચૂંટણીનું કામ કરી શકું?

ઇલેક્શન્સ મનિટોબા ચૂંટણી પહેલા અને દરમિયાન કામ કરવા માટે સ્ટાફને નોકરીએ રાખે છે. નોકરીઓમાં પગાર ચૂકવવામાં આવે છે અને પેઇડ તાલીમ આપવામાં આવે છે. electionsmanitoba.ca પર વધુ જાણો.






## જ્યારે તમે મત આપો, ત્યારે તમારા બાળકને સાથે લાવો.

બાળકોને સત્તાવાર મતદાતા સ્ટીકર મળે છે!

## સંપર્ક કરો:

electionsmanitoba.ca
204-945-3225
મનિટોબામાં ટોલ-ફ્રી: 1-866-628-6837
Email: election@elections.mb.ca

ઇલેક્શન્સ મનિટોબા એ તમામ પ્રાંતીય ચૂંટણીઓ યોજવા માટે જવાબદાર વિધાનસભાની સ્વતંત્ર કચેરી છે.

Elections Manitoba